# ગુજરાત જાહેર સેવા આયોગ

સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. (૦૭૯) ૨૩૨૫૮૯૮૦, https://gpsc.gujarat.gov.in/, ps2sec-gpsc-ahd@gujarat.gov.in


## અગત્યની માર્ગદર્શક ચેતવણી

જાહેરાત ક્રમાંક : ૪૪/૨૦૧૮-૧૯, આચાર્ય, ગુજરાત કૌશલ્ય તાલીમ સેવા, વર્ગ-૨ ની પ્રાથમિક કસોટી તા. ૨૫/૧૧/૨૦૧૮ ના ૧૧:૦૦ થી ૦૨:૦૦ દરમ્યાન ગાંધીનગરના ૨૯ કેન્દ્રો ખાતે યોજાયેલ હતી. જેમાં ગુજરાત જાહેર સેવા આયોગના પેટાકેન્દ્ર - બી પરના એક ઉમેદવાર બેઠક ક્રમાંક (૧૦૧૦૦૦૫૮૫) પરીક્ષા દરમ્યાન પ્રાથમિક કસોટીની ઉમેદવારોની માર્ગદર્શક સુચનાઓની વિરુદ્ધ જઇને પરીક્ષા દરમિયાન મોબાઇલ સાથે રાખી તે દ્વારા ગેરરિતી આચરતા માલુમ પડતા તેઓ વિરુદ્ધ પરીક્ષામાં ગેરરિતી આચરવા સબબ કાર્યવાહી હાથ ધરાયેલ છે તદઉપરાંત તેઓની આ પૂર્વયોજિત ગુનાહિત ષડયંત્ર પ્રકારની ગેરરિતી ધ્યાને લઇ તેઓ સામે પોલીસ ફરીયાદ દાખલ કરી ફોજદારી કાર્યવાહી હાથ ધરેલ છે.

પરિણામે તેઓ આ પ્રાથમિક કસોટી અને આયોગ દ્વારા ભવિષ્યમાં યોજાનાર કોઇ પણ જગ્યાની ભરતી માટેની પ્રાથમિક કસોટી/રૂબરૂ મુલાકાત માટે આયોગ નિર્ણય કરે તે મુજબ કાયમ અથવા અમુક મુદત માટે બાકાત કરવાની કાર્યવાહી થવા પામે તેમ છે. વધુમાં, રાજ્ય સરકાર હસ્તકની કોઇ પણ નોકરી માટે કાયમ અથવા અમુક મુદત માટે બાકાત કરવાની કાર્યવાહી પણ થવા પામે તેમ છે.

આથી, આયોગની જાહેરાત અન્વયે, સંબંધિત તમામ ઉમેદવારોએ પોતાની કારકિર્દીને હરકત ન પહોંચે તેની સભાનપણે કાળજી રાખવા અને આવી કોઇ પણ પ્રકારની ગેરરિતી અને સુચનાઓ વિરુદ્ધની પ્રવૃતિથી દૂર રહેવા આયોગ અપીલ કરે છે. દરેક ઉમેદવારોએ આ સુચનાઓનું પાલન કરવું તેમના હિતમાં છે.

તા. ૨૬/૧૧/૨૦૧૮